# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી પંચમહાલ
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર કનેલાવ,ગોધરા
જિ.પંચમહાલ
E-mail- dsopanchmahal29@gmail.com


જા.નં.જી.ર.ગ.અ/ ૬૦૫ થી ૬૯૦/૨૦૨૬ તા. ૦૯/૦૧/૨૦૨૬

પ્રતિ,
જીલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, તમામ,
જીલ્લા રમત ગમત અધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજ્ય

## સુધારા પરિપત્ર

વિષય :- ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષા ફૂટબોલ અં- ૧૪,અં-૧૭ ભાઈઓ સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમની જાણ કરવા બાબત

સંદર્ભ :- સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક- એસ.એ.જી/ખેમકું ૨૦૨૫/ ૨૦૨૫-૨૬/૪૭૪૪૨ થી ૪૭૫૫૨ તા.૨૪/૧૨/૨૦૨૫ ના પરિપત્ર અન્વયે.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે ગુજરાત સરકારશ્રીના રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ,ગાંધીનગર આયોજિત ખેલ મહાકુંભ -૨૦૨૫ જીલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર કનેલાવ ,ગોધરા-પંચમહાલ ખાતે રાજ્યકક્ષા ફૂટબોલ અં-૧૪ તેમજ અં-૧૭ વયજૂથ ભાઈઓ માટે સ્પર્ધાનું આયોજન યોજાનાર છે. જે સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ નીચે દર્શાવ્યા મુજબ કરવામાં આવનાર છે. જે અંગેની આપના જીલ્લાની ઝોન કક્ષાએથી રાજ્યકક્ષા માટે ક્વોલીફાઈડ થયેલ ટીમ(ખેલાડીઓ)ની વિગત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલ KMK ID સાથેની એન્ટ્રી dsopanchmahal29@gmail.com પર ૧૫/૦૧/૨૦૨૬ સુધી મેઈલ થી મોકલી આપવા તેમજ સંબધિત ટીમોને /ટીમ મેનેજરશ્રીને સ્પર્ધા કાર્યક્રમની જાણ કરવા નમ્ર વિંનતી છે.

### રાજ્યકક્ષા ખેલ મહાકુંભ – ૨૦૨૫ ફૂટબોલ સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ

| ક્રમ | વિગત | રીપોર્ટીંગ તારીખ અને સમય | નિવાસ સ્થળ | સ્પર્ધા તારિખ અને સમય | સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | અં-૧૪ ભાઈઓ | 20-01-2026 સાંજે ૪:૦૦ કલાકે | જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ,કનેલાવ ,ગોધરા | તા.21/01/2026 થી સ્પર્ધા પૂર્ણ થયે સુધી સવારે ૭:૦૦ કલાકેથી | જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ,કનેલાવ ગોધરા-પંચમહાલ |
| ૨ | અં-૧૭ ભાઈઓ | 25-01-2026 સાંજે ૪:૦૦ કલાકે | જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ,કનેલાવ ,ગોધરા | તા.26/01/2026 થી સ્પર્ધા પૂર્ણ થયે સુધી સવારે ૭:૦૦ કલાકેથી | જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ,કનેલાવ ગોધરા-પંચમહાલ |

- રીપોર્ટીંગ સ્થળ :- જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ,(કનેલાવ) ગોધરા-પંચમહાલ
- સ્થાનિક નિવાસ સંપર્ક :- મુકેશભાઈ બારીઆ (૮૩૨૦૧૬૫૮૦૫)
- નોડલ ઓફિસર :- વિક્રમ સિંહ (૭૯૮૪૬૧૯૫૫૪)
- ટેકનીકલ બાબત :- મોહસીન ભાઈ અબ્બાસી (૭૯૯૦૮૧૩૧૮૬)

અગત્યની સૂચનાઓ:

- ❖ ઓન લાઈન KMK ID રજીસ્ટર ખેલાડીઓને સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
- ❖ ખેલાડીઓનું નિયત નમૂનામાં એલીજીબીલીટી ફોર્મ સાથે જે તે શાળાના સહી સિક્કા તથા જીલ્લાના રમત વિકાસ અધિકારી/જીલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી સાથેનું ઓરીજીનલ એલીજીબીલીટી સાથે આધારકાર્ડ,જન્મનું પ્રમાણપત્ર અને શાળા બોનાફાઈડ રજુ કરવાનું રહેશે. જે રીપોર્ટીંગ સમયે રજુ કરવાનું રેહશે.
- ❖ **ફૂટબોલ રમત વયજૂથ મુજબ ૧૬ ખેલાડીઓ (ઝોનકક્ષા એ ભાગ લીધેલ) + ૧ મેનેજર + ૧કોચ ને મોકલવાના રેહશે.**
- ❖ આ સ્પર્ધા ફૂટબોલ એસોસીએસનના નીતિનિયમો પ્રમાણે રમાડવામાં આવશે.
- ❖ જે તે જીલ્લાની ટીમ પ્રવાસખર્ચના નાણા મેનેજરશ્રીના ખાતામાં RTGS દ્વારા આપવામાં આવશે તેથી મેનેજરશ્રી એ બેંક ની પાસબૂક ની ઝેરોક્ષ અને ભાડાની ટીકીટ આપવાની રેહશે.
- ❖ જે તારીખે જે વયજૂથની સ્પર્ધા હોઈ તેમણે જ આવવાનું રેહશે.
- ❖ સ્પર્ધા સ્થળે શિસ્તબદ્ધ રીતે વર્તવાનું રેહશે. અશિષ્ત કરનાર વ્યકિત કે ટીમ ને સ્પર્ધામાં માંથી બાકાત કરવામાં આવશે.
- ❖ નિવાસ સ્થળે નિયત ડીપોઝિટ જમા કરાવવાની રેહશે. સ્પર્ધા પૂર્ણ થયે જરૂરી ચીજ વસ્તુઓ જમા કરાવ્યાં બાદ ડીપોઝિટ પરત કરવામાં આવશે.
- ❖ સ્પર્ધા/નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકસાન કરવામાં આવશે તો તે નુકસાનની પુરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઈ કરવાની રેહશે.
- ❖ ભોજન/નાસ્તા સમયે જે તે ટીમ ના મેનેજરે ટીમની સાથે આવવાનું રેહશે.
- ❖ ખેલાડીઓએ સ્પર્ધાને અનુરૂપ ગણવેશ/કિટ સાથે લઈને આવવાનું રેહશે.
- ❖ કોચ અને મેનેજર સિવાય ખેલાડીઓ સાથે આવનાર વાલી કે શિક્ષકને કોઈ પણ જાતની વ્યવસ્થા આપવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.
- ❖ નિવાસ સ્થળ પર ફાળવવામાં આવેલ રૂમના તાળા-ચાવી ટીમના મેનેજરે પોતાની લાવવાની રહેશે.
- ❖ સ્પર્ધાને અનુરૂપ સાધનો તથા કીટ ખેલાડીએ પોતાની સાથે લાવવાની રહેશે.અન્યથા સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહી. ખેલાડીઓએ પોતાના ફૂટબોલ શુઝ અવશ્ય સાથે લાવવાના રહેશે.
- ❖ ખેલાડીઓને સ્પર્ધામાં લઇ જતાં પહેલાં વાલીનું સંમતીપત્રક લેવાનું રહેશે.
- ❖ આપના જીલ્લામાંથી આવનાર ખેલાડી,મેનેજરશ્રી અથવા કોચશ્રી એ ફરજીયાત બસ ,ટ્રેન સરકારી વાહનમાં મુસાફરી કરી ને જ સ્પર્ધા સ્થળે પહોચવાનું રેહશે.
- ❖ **ફૂટબોલ ની સ્પર્ધા ખેલ મહાકુંભ-૨૦૨૫ ના પરિપત્રના રાજ્યકક્ષા માટેના નિયમો મુજબ લીગ કમ નોક આઉટ થી રમાડવામાં આવશે જેની ખેલાડી/કોચ મેનેજરે નોંધ લેવાની રેહશે.**
- ❖ ખેલ મહાકુંભ-૨૦૨૫ ના પરિપત્ર માં દર્શાવ્યા મુજબના નિયમો ધ્યાને લેવાના રેહશે.
- ❖ <u>આ પરિપત્ર નકલ ટીમ મેનેજરને અવશ્ય આપવી.</u>

નોધ:- **ખેલાડીઓને રીપોર્ટીંગ બાદ જ નિવાસ ફાળવવામાં આવશે.**

**જીલ્લા રમત ગમત અધિકારી**
**પંચમહાલ**

**જીલ્લા રમત વિકાસ અધિકારી**
**પંચમહાલ**

**<u>નકલ સવિનય રવાના</u> :-**

૧)માન. સચિવશ્રી,રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર
૨)માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૩)માન. કલેકટરશ્રી, પંચમહાલ .
૪)માન.જીલ્લા વિકાસ અધિકારીશ્રી, પંચમહાલ.

૫)માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ. (આ સ્પર્ધામાં જરૂરી પોલીસ સ્ટાફ ફાળવવા બાબત)
૬)માન. સચિવશ્રી, સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૭)માન. આસીસ્ટન્ટ ડાયરેક્ટરશ્રી,(યોજના), સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૮) માન. આસીસ્ટન્ટ ડાયરેક્ટરશ્રી,(ફાઈનાન્સ), સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૯)માન. પ્રાંત અધિકારીશ્રી, ગોધરા
૧૦)માન. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, પંચમહાલ.
૧૧)માન. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પંચમહાલ.
૧૨)માન. નાયબ માહિતી નિયામકશ્રી ગોધરા , પંચમહાલ.(વિના મુલ્યે બહોળી પ્રસિદ્ધી કરવા સારું)
૧૩)માન. મામલતદારશ્રી, ગોધરા
૧૪)માન. મુખ્ય કોચશ્રી ,સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ,ગાંધીનગર
૧૫)માન.ટીમ લીડરશ્રી, ખે.મ.કું. સેલ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ,ગાંધીનગર
૧૬)માન. પ્રમુખ/મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસીયેસન તરફ જાણ સારું તેમજ ક્વોલીફાય રેફરીની સેવાઓ સારું
૧૭)માન. પ્રમુખ/મંત્રીશ્રી, પંચમહાલ જીલ્લા ફૂટબોલ એસોસીયેસન તરફ જાણ સારું.
૧૮)માન. તાલુકા આરોગ્ય અધિકારીશ્રી,ગોધરા પંચમહાલ (સ્પર્ધા શરૂ થયેથી સ્પર્ધા પૂર્ણ થાઈ ત્યાં સુધી ૧૦૮ એમ્બુલન્સ ની ) સેવા બાબત
૧૯)માન. પ્રમુખ/મંત્રીશ્રી ,વ્યાયામ ક્રિડા મંડળ,પંચમહાલ.

નિવાસ સ્થળ

સ્પર્ધા સ્થળ